# અમદાવાદથી આગ્રા-જૂનાગઢ સુધીનાં ભેદચરાંઓની વાત કોણ માને?

**જેલમાંથી એક કેદી છૂટવાનો હતો. એ અંગે પૂછપરછ કરવા ડિટેક્ટીવો અજય-રાધિકા જઈ રહ્યા હતા ત્યારે સામેથી ધસી આવતી એક મોટરકારમાંથી એક જૂતું એમની કાર પર ફેંકાયું. એ ફેંકનાર કોણ? એણે જૂતું શા માટે ફેંક્યું? વળી, એક કેદી જેવો જેલમાંથી નીકળ્યો એવું જ એનું અપહરણ કેમ થઇ ગયું? વાંચો કથાનો આ રસપ્રદ અંતિમ અંશ...**

## કેદી નં. 975-3

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા



જે રિંગ માસ્ટર રાઘવ પવારે નજીક આવતા વાર પૂછવા માંડ્યું, 'કોણ છે? શું થયું છે? અરે, વગર પરવાનગીએ આ ટ્રક કોણે કાઢી?' 'મારે પણ એ જ પૂછવાનું છે, રાઘવભાઇ,' અજયે કહ્યું. 'સરકસ શરૂ થતાં પહેલાં તમે લોકો અંદરોઅંદર કોઇકની રજાની અને છેલ્લી ઘડીએ ન આવ્યાની ચિંતા કરતા હતા. એ કોની વાત હતી? કોણ હતું?'

'કેશવ યાદવ', રાઘવે જણાવ્યું. 'એ અમારો ખાસ એનિમલ ટ્રેઈનર છે. રીંછોના ખેલ પણ એજ કરે છે. સૌથી વધુ તાળીઓ એને મળે છે. રીંછની પાસે હેરતભર્યા કામ કરાવી શકે છે! આ ટ્રક લઈને એ જ નીકળ્યો હશે? પણ એને ટ્રકનું શું કામ?'

'રીંછ પાસે એ સાચે જ હેરતભર્યા કામ કરાવી શકે છે, રાઘવભાઇ' અજય પોતાનો ગાલ પંપાળતાં બોલ્યો. 'પણ મને લાગે છે કે સરકસ સાથેના એના અંજળ ખૂટ્યાં છે.'

આમ બોલતાં અજયે વળી દોટ મૂકી. પોતાની ખુલ્લા મથાળાની મોટરકારમાં કૂદી પડીશ એણે ન એન્જીન સ્ટાર્ટ કર્યું. ભાગેડુ ટ્રક ઠીક ઠીક દૂર સુધી તો નદીકાંઠાની રેતાળ ધૂળમાં દોડી હતી. વળી, એ ભારે હતી, અજયની ઝડપી કાર એને આંબી ગઇ. પછી તો નદીના કાંઠા પર આગળ ટ્રક અને પાછળ કાર, એવી રેસ ચાલી. ટ્રક નદીનો કાંઠો છોડીને જમાલપુર અને ત્યાંથી મણિનગર વગેરે થઈને મુંબઇ તરફના હાઈવેના ટ્રાફિકમાં થોડીક વાર માટે ખોવાઇ પણ ગઇ. પરંતુ પછી એક જગાએ એ છોડી દેવાયેલી મળી આવી. અજયે પણ કાર એની પાસે ઊભી રાખી. ટ્રકમાં કોઇ નહોતું!

અજયે આજુબાજુ નજર ફેરવી. ખ્યાલ આવ્યો કે આ વટવા વિસ્તાર છે. વટવા અમદાવાદનો એક જૂનો વિસ્તાર છે. સુલતાનોના અને મુઘલોના યુગમાં અહીં પુષ્કળ વાવ, કૂવા, મસ્જિદ, મહેલ, મીનારા અને અન્ય અટપટી રચનાઓનું બાંધકામ થયું હતું. એવાં બાંધકામોનાં ખંડેર આજુબાજુ અનેક સ્થળે પથરાયેલાં છે. અજય નાનો હતો ત્યારે કેટલીક કિંચદનીઓ સાંભળેલી કે અહીંના કેટલાંક બાંધકામોમાં એવાં એવાં ભોંયરાં છે જે ભદ્રના કિલ્લા, સરખેજના હોજા, જૂનાગઢના ઉપરકોટ, આગ્રા અને દિલ્હી સુધી જાય છે! આમાં ભદ્ર અને સરખેજ સુધીના ભોંયરાં તો કદાચ માની શકાય, પણ જૂનાગઢ અને આગ્રા સુધીનાં ભોંયરાંની વાત માનવી અશકય છે.

એ જે હોય તે, પરંતુ આ વિસ્તારમાં પુષ્કળ ભોંયરાં છે, એની તો અજયને નાનપણથી ખબર હતી. કિશોર અવસ્થામાં દોસ્ત જીતુ ત્રિવેદીની સાથે આવાં કેટલાંક ભોંયરામાં એ ઉતર્યો પણ હતો. અલબત્ત એ ઉંમરે ભોંયરામાં આગળ વધવાની હિંમત નહોતી. અત્યારે એક ઘુમ્મટ જેવી રચના હેઠળ એણે તાજાં પડેલાંકેટલાંક પગલાં જોયાં. ઘુમ્મટને એક ખૂણે ભોંયરાનું મથાળું હતું અને પગલાંત્યાં પહોંચતાં હતાં. કેશવ યાદવ જરૂર એમાં ઊતર્યો હતો.

પણ આ ભોંયરું કયાં પહોંચતું હશે? ભોંયરું કેવું હશે? અંદર કોણ હશે? એકલો કેશવ હશે કે એની સાથે કોઇ સાગરીતો હશે? કદાચ એનું પેલું તાલીમી રીંછ એ સાથે લાવ્યો હશે ખરો?

ખેર! જે હોય તે એને જે થાય તે, જેવા પડશે એવા દેવાશે, એવાં નિર્ધાર કરીને અજય ભોંયરામાં ઊતર્યો. કમરે ભરાવેલી રીવોલ્વરના કેસનું બટન ખોલી નાખ્યું અને સેફટી કેચ ખેંચી લીધો. ગમે તે ઘડીએ ધાણી ફોડવા તૈયાર રહેવું પડે.

ભોંયરાનાં દસેક પગથિયાં ઊતર્યા પછી નીચે ઓરડો આવ્યો. એક કાળે એની અંદરથી જુદી જુદી દિશામાં જવાના બારણાં હશે, પરંતુ હવે એક સિવાયની બધી દિશાનાં બારણાં ચણી લેવામાં આવ્યાં હતાં. જે દિશા ખુલ્લી હતી ત્યાં પણ હવે બારણું નોહતું. ફકત બાંકોરું હતું. અજય નીરવપણે એમાં ચાલ્યો. એ જેમ આગળ ચાલતો ગયો તેમ અજવાળું ઓછું થતું ગયું, પણ આશરે સોએક કદમ ચાલ્યા પછી જોયું કે વળી એક બાકોરું છે, અને એ બાંકોરાની અંદર ઝળાંહળાં અજવાળું છે, જેનો પ્રકાશ બહાર સુધી પથરાય છે. અજય સાવધાનીથી એ તરફ આગળ વધ્યો. એ ખુલ્લા બાંકોરાથી પંદરેક કદમ દૂર પહોંચ્યો હશે ત્યાં પેલા બાંકોરામાંથી એક ઓળો બહાર કૂદી આવ્યો અને એના હાથમાંથી તેજ-લોસોટા ઊડવા લાગ્યા. અજયને મામલો સમજાય તે પહેલાં તો એના કાનની પાસે થઈને જે સૂસવાટા પસાર થયા તેથી સમજાયું કે ગોળીઓ છૂટી રહી છે? સારી વાત એ હતી કે ગોળીઓ છોડનારો અણઘડ હતો. વળી, ઉતાવળિયો પણ હતો. એકે ગોળી અજયને વાગી નહિ. બંદૂક ચલાવવાનો એને મહાવરો પણ ન હોય ને? કારણ કે ગોળીઓ ફેંકનારો એ કોઇ નહિ, સરકસનો એનિમલ ટ્રેઈનર કેશવ યાદવ જ હતો! બંદૂક જેના-તેના હાથમાં આવી જાય તેથી એ બંદૂકબાજ ન બની જાય? બંદૂકબાજી પણ દુર્લભ કળા છે. કેશવે ધનાધન છ ગોળી છોડી એટલે એની રીવોલ્વર ખાલી ગઇ ગઇ.

હવે અજયે પણ રીવોલ્વર કાઢીને એક ગોળી છોડી. કેશવને મારવા નહિ, માત્ર એને ડરાવવા, એક સભ્યનો એ હેતુ પણ બર આવ્યો. કેશવ ડરી ગયો. ભાગ્યો. અજય આગળ વધ્યો. કેશવ પેલી અજવાળાવાળી જગામાં પેઠો હતો. અજય એમાં પહોંચ્યો ત્યારે કેશવ ત્યાં નહોતો. આ પણ કૂવા જેવી રચના હતી, જેની અંદરથી પણ જુદી જુદી દશામાં જવાનાં બારણાં હતાં. પણ એક સિવાય બધાં બારણાંચણી લેવામાં આવ્યા હતા. માત્ર એક ખુલ્લી દિશા વારંવાર વપરાતી લાગી. ત્યાં કેશવનાં તાજાં પગલાં ધૂળમાં દેખાયા. એ માણસે આ જગયા થોડા સમયથી વાપરવા માંડી લાગી.

પણ આ ભોંયરાંનો છેડો કયાંક તો હશે જ, અને કેશવ એ વાટે નીકળી જાય એ સંભવિત હતું. એટલે અજયે એની પાછળ દોટ લગાવી. જોકે એમાં અજયે સાવધાની પણ રાખવાની હતી. કેશવ માટે જગા જાણીતી હતી,જ્યારે અજય માટે સાવ અજાણી હતી. વળી કેશવ ગમે તે ઘડીએ પાછો વળીને કશોક ઘા પણ કરી લે. ડિટેક્ટીવો ભલે કોઇને મારવા માટે ગળીબાર ન કરે, અપરાધીઓને એમાં કશો છોછ હોતો નથી.

**પાછળના એક પાટિયામાંથી કાળી દોરી જેવું કશુંક ડોકાતું હતું. એ શું હશે એ જાણવા માટે અજયે એ દોરી જરાક ખેંચી જોઇ ત્યાંતો નાનકડું ગુપ્ત ચોરખાનું દેખાયું. અજયે ગજવામાંથી ચપ્પુ કાઢીને પાટિયું સહેજ ખસેડીને દોરી તાણી જાઇ. એક અજાયબ ચીજ એના હાથમાં આવી**

અજયે ધાર્યું હતું તેમ જ, ભોંયરાનો બીજો છેડો પણ હતો જ, અને એ છેડે વળી પથ્થરનાં પગથિયાં હતાં. છેક ઉપર ગોળાકાર બાકોરું હતું. કેશવ એ પગથિયાં ચડીને બહાર નીકળી ગયો. અજય એનું પગલેપગલું દબાવતો આવતો હતો. એ પણ બહાર નીકળ્યા. એ જગાએ પણ ઉપર નાનકડો ઘુમ્મટ હતો જગા વેરાન વગડામાં હતી. કોઈને જવલ્લે જ કલ્પના આવે કે અહીં એક લાંબા ભોંયરાનો છેડો છે.

અહીં ખુલ્લામાં અજયની દોડ વધુ ઝડપી બની. મિલીટીરી ટ્રેઈનિંગથી કેળવાયેલી એની દોડ આગળ કેશવનું ગજું નહોતું. સોએક મીટરની દોડમાં તો અજયે એને દબાવી દીધો. બે-ચાર કરાટે ચોપ વડે એને ઢીલો કરી નાખ્યો. પછી એનો કાઠલો પકડીને ઊંચો કરતાં જણાયું કે પેલી રેકઝીનની થેલીની દોરી લટકતી દેખાય છે. અજયે જોરદાર આંચકો મારીને એ થેલી ખેંચી. આ એ જ થેલી હતી જે અજયને ગણુના વાનમાંથી મળી હતી, જે થેલી એની પાસેથી પેલા રીંછે તફડાવી લીધી હતી!

પણ અત્યારે એ થેલી વજનદાર હતી. અંદર કશુંક ભીને ઉપર દોરી વીંટી દેવામાં આવી હતી. અજયે એક હાથે કેશવને જકડી રાખીને બીજે હાથે દોરી ઉખેળી. ખોલીને નજર કરી અંદર નાનામોટા ઈંટાળા હતા!

'તો આપશ્રી ચોરીના માલની હેરાફેરી કરો છો, એમ ને?' અજયે ટકોર કરી. 'એ માટે આ થેલી તફડાવી!'

જવાબમાં કેશવે ફકત ડોળા જ ફાડયે રાખ્યા. એ કશુ બોલ્યો નહિ.

'અને ગણુ બાપટને તેં પોતાની સાથે કામ કરવા ફસાવ્યો હતો, બારબર?' અજયે વધુ ધારદાર પ્રશ્ન કર્યો.

આ સવાલનો પણ જવાબ ન મળ્યો.

'હવે મને સમજાય છે કે ગણુએ પેલા જૂતાનો ઘા કેમ કર્યો હશે, અને ગણુનું અપહરણ કોણે કર્યું હશે. એને તેં પેલા ભોંયરામાં જ છુપાવ્યો છે કે બીજે કયાંય?' હજુ પણ કેશવ યાદવ અબોલ રહ્યો. એટલે અજયે એને એક અડબોથ લગાવીને કહ્યું. 'તું જવાબ ન આપે તો ભલે. જવાબ હું જ આપી દઉં છું.'

**(વાચક મિત્રો! શો હશે અજયનો જવાબ? ખાસ કરીને જૂતાની ફેંકનો ભેદ શો હશે? હવે તો તમને જવાબ મળી ગયો હશે. છતાં ન મળે તો આવતે અઠવાડિયે અજયનો જવાબ વાંચી શકાશે.) •**